## જન્મદિને વધામણી



**આઈ એમ પટેલ**
ચીફ એન્જિનીયર
થર્મલ પાવર સ્ટેશન, ગાંધીનગર
મો. ૯૯૨૫૨ ૧૦૭૪૭



**કિશોરસિંહ કે જાડેજા**
મો. ૯૬૨૪૭ ૬૬૧૬૧



**ડો. મેહુલ બી શાહ**
મો. ૯૫૨૫૫ ૩૧૬૬૯



**મધુબાલા સોની**
મો. ૯૪૨૭૬ ૦૦૨૭૬



**જયરાજ દિપકકુમાર નિર્મલ**
મો. ૯૮૨૪૫ ૫૦૪૯૫

# ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજનો સ્નેહમિલન સમારોહ રવિવારે કુડાસણમાં

### સમાજના પ્રથમ પરિવાર પરિચય ગ્રંથનું વિમોચન, તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ સમારોહ, સમાજના વિશિષ્ટ વ્યક્તિઓનો સન્માન સમારોહ

ગાંધીનગર, તા. ૪

ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજનો ૧૧મો સ્નેહમિલન કાર્યક્રમ તથા સમાજના પ્રથમ પરિવાર પરિચય ગ્રંથનું વિમોચન અને સમાજના તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ સમારોહ, સમાજના વિશિષ્ટ વ્યક્તિઓનો સન્માન સમારોહ સમાજની વાડી, કુડાસણ મુકામે તા. ૬ ડિસેમ્બર ને રવિવારના રોજ યોજાઈ રહ્યો છે. સમાજના આજીવન સભ્યો તથા દાતાઓ અને સમાજના ટ્રસ્ટીઓને આ કાર્યક્રમમાં ઉપસ્તિત રહેવા સમાજના પ્રમુખ ભરતભાઈ અમૃતલાલ પ્રજાપતિ અને મહામંત્રી કાન્તિલાલ ઈશ્વરલાલ ગુર્જર દ્વારા પાઠવવામાં આવેલી એક અખબારી યાદી દ્વારા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

## પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા. ૪

રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી નિમિત્તે આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિજય પ્રાપ્ત કર્યો હતો.

ક્વિઝ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થી હેમાંગ ઠાકર તથા રંગોળી સ્પર્ધામાં અભિષેક શર્માએ ત્રીજા ક્રમે વિજેતાપદ પ્રાપ્ત કરી શાળાના ગૌરવમાં વધારો કર્યો હતો.

વિજેતા બંને વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્ય મનિષભાઈ ખત્રી તરફથી શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## તક્ષશિલા વિદ્યાલય ખાતે રંગોળી અને મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૪

તક્ષશિલા વિદ્યાલય ખાતે તાજેતરમાં રંગોળી અને મહેંદી હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

રંગોળી સ્પર્ધામાં મંજુલા દંતાણી, ગૌરાંગ કબીરા, માનસી પવાર, મહેંદી હરિફાઈમાં મંજુલા દંતાણી, મમતા વણઝારા અનુક્રમે વિજેતા બન્યાં હતાં. શાળા પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# ચૌધરી કન્યા વિદ્યાલયની રિદ્ધિ વાઘેલા ગ્રંથાલય સપ્તાહની સ્પર્ધાઓમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૪

ગ્રંથાલય સપ્તાહની ઉજવણી નિમિત્તે શાળાઓમાં તથા મધ્યસ્થ ગ્રંથાલય ખાતે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની રિદ્ધિ મહેન્દ્રભાઈ વાઘેલાએ 'સ્વચ્છ ભારત અભિયાન સફળતા' અંગે નિબંધ લેખન કર્યું હતું અને તૃતિય સ્થાને વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું. શાળા પરિવારે વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવ્યા હતા.

આચાર્યા સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા છે. રિદ્ધિએ હવે તાલુકા યુવા ઉત્સવમાં પ્રથમ, જિલ્લા કક્ષાએ પ્રથમ અને રાજ્યકક્ષાએ પણ શાળાનું પ્રતિનિધિત્વ કરશે. ઉલ્લેખનીય છે કે રિદ્ધિ ટાટા બિલ્ડીંગ નિબંધ સ્પર્ધામાં પણ શહેર, રાજ્યમાં પ્રથમ ક્રમે વિજેતા રહી હતી.

# જે બી પ્રાથમિક શાળા ખાતે રમતોત્સવ અને બાલ મહોત્સવની ઉજવણી કરાઈ





ગાંધીનગર, તા. ૪

અભ્યાસની સાથે સાથે બાળકો ખેલદિલી દાખવે અને અન્ય સહઅભ્યાસી પ્રવૃત્તિઓમાં રસ દાખવે, જેનાથી તેમનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. પુરુષોત્તમદાસ આર પટેલ (પૂ. દાસકાકા) શિયાળુ રમતોત્સવ અને બાલ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી આર સી પટેલ હાઈસ્કૂલ, હાયર સેકન્ડરી સ્કૂલના આચાર્ય ચીનુભાઈ પટેલે ઉપસ્થિત રહી કૅમ્પસમાં સ્થાપિત પૂ. દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કર્યો હતો અને જ્યોત પ્રગટાવી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો.

બે દિવસીય આ મહોત્સવ દરમ્યાન વિદ્યાર્થીઓએ ભણતરનો ભાર ભૂલી મુક્ત મને પોતાનાં કૌશલ્યો અભિવ્યક્ત કર્યાં હતાં. રમતોત્સવની દોડ, જંપદોડ, લીંબુ ચમચી, ગોળાફેંક, સંગીત ખુરશી, ઝેરી ઢીંગલી, બૂક બૅલેન્સ વગેરે સ્પર્ધાઓ તથા યુવક મહોત્સવની રંગોળી, વક્તૃત્વ, ચિત્ર સ્પર્ધા, ગીત, એકપાત્રીય અભિનય, નિબંધ, વાર્તા, સુલેખન વગેરે સ્પર્ધાઓમાં ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. શાળાના શિક્ષકો પણ ગોળાફેંક, મટકાદોડ, સંગીત ખુરશી, દોરડા કૂદ જેવી સ્પર્ધાઓમાં જોડાયા હતા. શાળાનાં આચાર્યા નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને પોતાનાં કૌશલ્યો ખીલવવા અને સફળતા પ્રાપ્ત કરવા આશિષ પાઠવ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હેટ સ્ટોરી-૩
૬.૪૫, ૧૦.૪૫

**સ્ક્રીન-૨**
છેલ્લો દિવસ
૭.૦૦, ૧૦.૦૦
હેટ સ્ટોરી-૩
૧૨.૪૫, ૩.૪૫

**સ્ક્રીન-૩**
તમાશા
૩.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૯.૩૦

**સ્ક્રીન-૫**
તમાશા
૬.૩૦
છેલ્લો દિવસ
૪.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦

**સ્ક્રીન-૬**
છેલ્લો દિવસ
૧૦.૦૦
પ્રેમ રતન ધન પાયો
૩.૪૫
તમાશા
૧૨.૩૦
હેટ સ્ટોરી-૩
૯.૪૫

# એસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલમાં ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજાઈ



## કાર્ટૂન કેરેક્ટર, ડૉક્ટર, ટીચર, ઍન્જિનીયર જેવા વિવિધ વેશ ધરીને વિદ્યાર્થીઓ શાળામાં આવ્યા

ગાંધીનગર, તા. ૪

એસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ ખાતે ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે ફૅન્સી ડ્રેસ કૉમ્પીટીશન યોજવામાં આવી હતી.

આ કૉમ્પીટીશનમાં શાળાના વિદ્યાર્થીઓ સુંદર વેશભૂષામાં સજીને આવ્યા હતા. કાર્ટૂન કૅરેક્ટર, ડૉક્ટર, ટીચર, ઍન્જિનીયર જેવા વિવિધ વેશ ધરીને વિદ્યાર્થીઓ શાળામાં આવ્યા હતા.

દરેક પાત્રની રજૂઆત વિદ્યાર્થીઓએ પોતાની આગવી શૈલીમાં કરીને સ્પર્ધાના માહોલને ઉત્સવમય બનાવી દીધો હતો.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે કેજીનાં આચાર્યા દિપાલીબેન જોશી અને શાળાનાં શબાનાબેને પોતાની સેવાઓ આપી હતી.

ધોરણ-૧માં પ્રથમ ક્રમે શલોની ઠાકર, બીજા ક્રમે જ્હાન્વી પટેલ અને ત્રીજા ક્રમે આરવ પટેલ વિજેતા બન્યા હતા. ધોરણ-૨માં પ્રથમ ક્રમે જોશીલ જાની, બીજા ક્રમે યશ્વી અને ત્રીજા ક્રમે યોગીત વિજેતા બન્યા હતા. ધોરણ-૩માં પ્રથમ ક્રમે તર્પણ, બીજા ક્રમે દેવાંશી અને ત્રીજા ક્રમે દુર્ગેશ તથા ધોરણ-૪માં પ્રતમ ક્રમે ખુશી, બીજા ક્રમે ઓમ, બીજા ક્રમે ખુશી અને ત્રીજા ક્રમે મન વિજેતા જાહેર થયા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવી બિરદાવ્યા હતા.

## વિશિષ્ટ વ્યક્તિઓ માટે સિગ્નેચર કેમ્પેઈન

ગાંધીનગર, તા. ૪

ગુજરાત સ્ટેટ જેન્ડર ડિસેબિલિટી સેન્ટર દ્વારા ગુરૂવારે આરટીઓ સર્કલ ખાતે સિગ્નેચર કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૩૦૦થી વધુ વિકલાંગ મહિલા-પુરુષ હાજર રહ્યા હતાં. સેન્ટર દ્વારા અમદાવાદ કલેક્ટરને આપવામાં આવેલા આવેદન પત્રમાં રજૂ કરાયેલી માગણીઓમાં જણાવાયું હતું કે વિકલાંગ વ્યક્તિ માટેનું પેન્શન રૂ.૪૦૦થી વધારીને રૂ.બે હજાર કરવું જોઈએ. અમદાવાદમાં વિકલાંગ મહિલાઓ માટે હોસ્ટેલની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે. આ ઉપરાંત વિકલાંગ વ્યક્તિઓ માટે નોકરીમાં ત્રણ ટકા નોકરી અનામત છે, પરંતુ તેના માપદંડ ઘણાં ઊંચા હોવાથી વિકલાંગોને નોકરી મળવામાં મુશ્કેલી પડી રહી છે.

# વિશ્વકોશમાં ગ્રંથ મહોત્સવ અંતર્ગત 'વાસ્તવવાદી નાટક'નું વિમોચન

ગાંધીનગર, તા. ૪

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ૩૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણીના ભાગરૂપે ગ્રંથ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે ગુરુવારે રાજ્યપાલના હસ્તે વિશ્વકોશના ખંડ ૮ની આવૃત્તિ, બાળવિશ્વકોશ ખંડ ૬, ભરત દવે દ્વારા લિખિત પુસ્તક 'વાસ્તવવાદી નાટક' અને અરૂણ દવે લિખિત પુસ્તક 'બીજ ગણિત'નું વિમોચન થયું હતું.

આ પ્રસંગે રાજ્યપાલે કહ્યું કે, 'મેં ધીરુભાઈ ઠાકરને જોયા નથી પણ સાંભળીને લાગે છે કે, એ વિલક્ષણ વ્યક્તિ હશે. ગુજરાતની અસ્મિતાની તેમની સાધનાને રાષ્ટ્રીય સાધના પણ કહી શકાય.' આ પ્રસંગે વિમોચિત 'વાસ્તવવાદી નાટક' પુસ્તક ભવિષ્યના રંગકર્મીઓ માટે એક પાઠ્યપુસ્તક સમાન માર્ગદર્શક બની રહેશે. તે ઉપરાંત નાટ્યરસિકોને પણ વાસ્તવવાદી નાટકો અને વાસ્તવવાદી રંગભૂમિ શું છે, તેની ઊંડી માહિતી આ પુસ્તકમાંથી મળી શકે તેમ છે. સામાન્ય રીતે અંગ્રેજી ભાષામાં અભ્યાસ કરતાં વિદ્યાથીઓ તેમના પાંચ વર્ષના અભ્યાસક્રમમાં જે અંગ્રેજી રંગભૂમિ અને નાટકો વિશે જાણે છે, તેના કરતાં પણ વધુ વ્યવસ્થિત અને ઉંડાણપૂર્વકની વાત આ પુસ્તકમાં કરવામાં આવી છે. પશ્ચિમી રંગભૂમિમાં વાસ્તવવાદી નાટક એટલે શું, વાસ્તવવાદી નાટકો પહેલાનો ઈતિહાસ, રોમેન્ટિસિઝમ, નેચરલિઝમ અને રીયાલિઝમ જેવા નાટ્યપ્રકારો, વાસ્તવવાદી નાટકોના પ્રણેતા એવા ટોલસ્ટોય, ચેકોવ, સ્ટ્રીન્ડબર્ગ, આઝબેન જેવા લેખકો અને દિગ્દર્શકોની વાતો, આ પ્રકારના નાટકો માટેની સેટ ડિઝાઈન અને થિયેટર ઓફ એક્સપ્રેશન સહિત અમેરિકન થિયેટર અને ત્યારબાદ ભારતીય રંગભૂમિ અને વાસ્તવાદ જેવા વિષયોને પુસ્તકમાં આવરી લેવાયા છે.

# અહિંસા આપણને વેરભાવથી બચાવે છે

### ધર્મ અને અધર્મ વચ્ચે નિર્ણય કરતી વખતે માણસ ભૂલ કરી બેસે ત્યારે અહિંસા જ તેને મદદરૂપ થાય છે







**વાચકોની કોલમ**
- પ્રો. ડો. અંબાલાલ પ્રજાપતિ

મહાત્મા ગાંધીએ સત્ય, અહિંસા આદિ જે ૧૧ મહાવ્રતોની વાત કરી છે તેમાં 'સહિષ્ણુતા' પણ એક છે. આ સહિષ્ણુતાને જ તેમણે એક નવું 'સમભાવ' એવું નામ આપ્યું છે. સહિષ્ણુતા એ 'ટૉલરન્સ' અંગ્રેજી શબ્દનો અનુવાદ છે. તેમને આ અર્થ બરાબર ન લાગ્યો અને એક યથાર્થ શબ્દની શોધ ચલાવી. કાકાસાહેબ કાલેલકરની મદદથી એમણે 'સમભાવ' શબ્દનો સ્વીકાર કર્યો.

'સમભાવ' શબ્દ સ્વીકારવા માટેનું કારણ આપતાં તેઓ જણાવે છે કે અહિંસા આપણને બીજા કોઈ ધર્મો પ્રત્યે સમભાવ રાખવાનું શીખવે છે. સર્વધર્મ પ્રત્યે આદર કે સહિષ્ણુતા એ શબ્દો અહિંસાની દૃષ્ટિથી પૂરતા નથી. તેમાં બીજા ધર્મો પ્રત્યે સમભાવ રાખવાના મૂળમાં પોતાના ધર્મની અપૂર્ણતાનો સ્વીકાર પણ આવી જાય છે. સત્યની આરાધના કે અહિંસાની કસોટી આ વાત શીખવે છે.

પોતાના ધર્મની અપૂર્ણતાના સ્વીકાર વિશે ગાંધીજી વિસ્તારથી અને તાર્કિક રીતે સમજાવે છે. તેઓ કહે છે કે સંપૂર્ણ સત્ય મનુષ્યે જોયું નથી. સંપૂર્ણ સત્ય તો કેવળ પરમાત્મા છે, એટલે સંપૂર્ણ સત્ય મનુષ્યે જોયું હોય કે જાણ્યું હોય તો પછી સત્યના પાલનનો આગ્રહ રહેતો નથી. તેનો જાણવાનો જોવાનો આગ્રહ અને તે માટે પ્રયત્ન છે તેમાં જ આપણી અપૂર્ણતાની સ્વીકૃતિ આવી જાય છે. આમ જો મનુષ્ય અપૂર્ણ છે તો મનુષ્ય-કલ્પિત ધર્મ પણ અપૂર્ણ છે. આપણે માનેલો ધર્મ અપૂર્ણ છે. તે પરિવર્તનક્ષમ છે અને આ વાત સ્વીકારવાથી જ આપણે આગળ વધી શકીએ છીએ.

જ્યારે મનુષ્ય-કલ્પિત બધા ધર્મોને અપૂર્ણ માની લઈએ છીએ ત્યારે કોઈ ઊંચો અને કોઈ નીચો એવો વિચાર રહેતો નથી. બધા ધર્મો સાચા છે, પણ અપૂર્ણ છે. એટલા માટે દોષપાત્ર છે. સમભાવ હોય ત્યારે પણ આપણે તેમાં દોષ જોઈ શકીએ છીએ. આપણે પોતાનામાં પણ દોષ જોવા જોઈએ. ધર્મમાં દોષ હોવાથી ધર્મનો ત્યાગ કરવાનો નથી, પણ દોષને દૂર કરવાનો છે. આ રીતે સર્વધર્મ પ્રત્યે સમભાવ રાખવાથી બીજા ધર્મોના ગ્રાહ્ય અંશને પોતાના ધર્મમાં લેતાં સંકોચ ન થવો જોઈએ. એટલું જ નહિ પણ તેમ કરવું તે ધર્મ છે. મહાત્મા ગાંધીનો આ વિચાર બરાબર સમજાય તો બીજાના વિચારો કે ધર્મો પ્રત્યે અસહિષ્ણુતા કે ઊંચનીચના ભેદભાવો કે કટ્ટરતા આવવાનો પ્રશ્ન રહેતો નથી. ઉલ્ટાનું એકબીજા પાસેથી શીખીને આગળ વધવાનો અવકાશ રહે છે. જગત સત્ય અને અહિંસાના માર્ગે જ આગળ વધી શકે.

બધા ધર્મો પ્રત્યે સમભાવ રાખવાની વાત સમજાવ્યા પછી મહાત્મા ગાંધી સમજાવે છે કે અહીં અધર્મ પ્રત્યે સમભાવ રાખવાનો નથી. ધર્મ અને અધર્મ બે જુદી વસ્તુ છે. અહીં તો આપણે એ ધર્મોની વાત કરીએ છીએ, જેમને આપણે નિર્ધારિત ધર્મના સ્વરૂપે જાણીએ છીએ. આ બધા ધર્મનો મૂળ સિધ્ધાંત તો એક જ છે. તે બધા ધર્મોમાં સંત પુરુષો થયા છે અને આજે પણ મોજૂદ છે. ધર્મનું પાલન કરનારો સજ્જન હોય કે દુર્જન - તે બધા પ્રત્યે સમભાવની અપેક્ષા છે, પણ અધર્મ પ્રત્યે ક્યારેય સમભાવ ન રાખવો.

વિષયનો સમારોપ કરતાં ગાંધીજી જણાવે છે કે ધર્મ અને અધર્મ વચ્ચે ભેદ તો રહેવાનો પણ ધર્મ અને અધર્મ વચ્ચે નિર્ણય કરતી વખતે માણસ ભૂલ કરી બેસે ત્યારે અહિંસા જ તેને મદદરૂપ થાય છે. જો સાચા અર્થમાં આપણે અહિંસક હોઈશું તો આપણે વેરભાવથી બચી શકીશું.

બીજાને આપણે પીડા પહોંચાડવાની નથી. આપણે જાતે જ કષ્ટ સહન કરવાનું છે. આ સોનેરી નિયમનું પાલન કરનાર બધા સંકટો પર વિજય મેળવે છે.

## વર્લ્ડ ડિસેબલ્ડ ડે નિમિત્તે સ્પેશિયલ લોકો માટે ખાસ કાર્યક્રમોનું આયોજન થયું

ગાંધીનગર, તા. ૪

વર્લ્ડ ડિસેબલ્ડ ડે નિમિત્તે અપંગ માનવ મંડળ તેમજ અંધજન મંડળ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. અપંગ માનવ મંડળ ખાતે માત્ર પગની જ ખામી ધરાવતા બાળકો માટે ડિજિટલ માર્કેટિંગ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્મિત ડિજિટલ માર્કેટિંગ અને મેરા ફાર્મસી દ્વારા સંયુક્ત રીતે યોજાયેલા આ સેમિનારમાં બાળકોને ડિજિટલ મીડિયાના મહત્ત્વ અને તેમાં કારકિર્દીની તકો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતાં. પ્રેઝન્ટેશન દ્વારા તેમને પોતાની ખામીઓને અવગણીને સફળતા પ્રાપ્ત કરી ચુકેલા લોકોના ઉદાહરણ પણ આપવામાં આવ્યા હતાં. આ દિવસના માનમાં બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન દ્વારા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૩૦૦ ઉમેદવારોએ ભાગ લીધો.

કાફે કોફી ડે, આલ્ફા વન મોલ, એજીસ, વેલ્સ્પન, ભારત પેટ્રોલિયમ, સંકલ્પ કોપીરેશન, ક્રાઉન પ્લાઝા સિટી સેન્ટર, બી સફલ જેવી ૨૦ જાણીતી કંપનીઝ પણ જોબફેરમાં આવી હતી. આ ફેરમાં સાંભળવાની ખામી ધરાવતા ૪૭ લોકો, દૃષ્ટિની ખામી ધરાવતા ૩૮ લોકો, માનસિક ક્ષતિ ધરાવતા ૧ ઉમેદવાર અને અન્ય ૯૫ ઉમેદવારોની તેમને લાયક જોબ માટે પસંદગી થઈ હતી.

## માઈકામાં ગૂગલના એમડીનું વક્તવ્ય

ગાંધીનગર, તા. ૪

માઈકા ખાતે ગૂગલના ગ્લોબલ ક્લાયન્ટ સોલ્યુશન્સના મેનેજિંગ ડિરેક્ટર કિરણ મણિના વક્તવ્યનું આયોજન કરાયુ હતું. કિરણ મણિએ 'વર્ષ ૨૦૨૦માં ટેક્નોલોજી દુનિયાને ક્યાં લઈ જશે' તે વિષયે બોલતાં જણાવ્યું હતું કે, 'વર્ષ ૨૦૧૪ એ માનવજાત માટે ખૂબ જ અગત્યનું વર્ષ હતું. આ વર્ષે કોમ્પ્યુટિંગ પાવર અને માણસોની બુધ્ધિશક્તિએ દેખાડેલી કમાલ આવનારા સમયમાં ટેક્નોલોજીની મદદથી કેવા ચમત્કાર સર્જી શકાશે તેની ઝાંખી માત્ર આપી છે. ભવિષ્યમાં મશીનો માણસની બુધ્ધિક્ષમતાની તમામ મર્યાદાઓ ઓળંગી જશે. ભવિષ્યમાં માનવી ૧૫૦ વર્ષ કે તેથી વધુનું આયુષ્ય ભોગવી શકશે. ચામડીની નીચે મૂકેલી નાની ચીપ કે કોન્ટેક્ટ લેન્સની મદદથી શરીરમાં વિકસતા રોગોની જાણકારી પ્રાથમિક તબક્કામાં જ મેળવી શકાશે. ૯૫ ટકા રોગોનું નિદાન ઝડપી કરવાનું શક્ય બનશે.'